શહેરમાં જીવલેણ અકસ્માત નિવારવા સર્વિસ રોડ બનાવવા રજૂઆત

ગાંધીનગર, તા.૩

શહેરમાં પૈડા પરની જન્દગી સલામત બનાવવા સર્વિસ રોડનું કામ હાથ ધરવા શહેર વસાહત મહામંડળે માર્ગ-મકાન મંત્રીને રજૂઆત કરી છે. મુખ્યમાર્ગો પર ક્રોસ રોડ ખુલ્લા હોવાની સાથે સમાંતર સર્વિસ રોડ ન હોવાથી જીવલેણ અકસ્માતોની સંખ્યા વધી છે.

શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બુચના જણાવ્યા અનુસાર શહેરમાં માર્ગ સલામતીની દૃષ્ટિએ દિન પ્રતિદિન ભયજનક સ્થિતિનું નિર્માણ થઈ રહ્યું છે. નાના મોટા કાર્યક્રમો દરમિયાન પણ 'ઘ' અને 'ચ' માર્ગ બંધ કરવાની જરૂરિયાત ઉભી થાય છે ત્યારે નગરના મુખ્યમાર્ગો પર માર્ગ સલામતીને જોખમમાં મુકતા પરિબળો ડામવા જરુરી આયોજન હાથ ધરવા પણ તેમણે જણાવ્યું છે. આ અંગે તેમણે માર્ગ મકાન મંત્રીને મુખ્યમાર્ગો આસપાસ પૂર્ણરૂપે સર્વિસરોડ બનાવવા રજૂઆત કરી છે. પથિકાશ્રમ થી ઉદ્યોગભવન, ઘ-૪ થી ઘ-૬ તેમજ ઘ-પના સર્વિસ રોડને કડી કેમ્પસ સુધી લંબાવવા પણ જણાવાયું છે. સર્વિસ રોડના લીધે મુખ્યમાર્ગો પર ટ્રાફીકનું ભારણ ઘટે તેમજ વાહનચાલકોની સલામતી પણ જળવાઈ રહે તે માટે રોડ નેટવર્કને અનુલક્ષી વૈકલ્પિક વ્યવસ્થા ઉભી કરવા પણ રજુઆતમાં જણાવાયું છે. અન્ડરગ્રાઉન્ડ રસ્તાઓ હવે શકય ન હોવાથી સર્વિસરોડ બનાવવાની અનિવાર્યતા ઉભી થઈ છે. 'ચ' માર્ગ ઉપર પણ અકસ્માતોનું પ્રમાણ વધ્યું છે. જેથી ચ-૩થી ચ-૫ સુધી પણ સર્વિસ રોડ બનાવવા માંગ ઉઠવા પામી છે. શહેરમાં દાયકાના અંતે પણ રીક્ષા સ્ટેન્ડના મામલે પણ કોઈ વ્યવસ્થા ગોઠવાઈ નથી જેને ધ્યાને લઈ ફૂટપાથનું પુનઃ આયોજન હાથ ધરવા પણ મહામંડળના પદાધિકારી સુધીર દેસાઈ, કશ્યપ મહેતા અને કીશોર જીકાદરાએ રજૂઆત કરી છે.

જુના સચિવાલય સામે આજે કાર અને બસ વચ્ચે અકસ્માત થયો હતો. કારના બોનેટને નુકસાન થયું હતું.

બે બંધ મકાનોના તાળા તોડી ૩. ૨.૮૧ લાખની ઘરફોડ

સે. ૨૨ અને સે. ૨૩ માં થયેલી બન્ને ઘરફોડમાં એક જ ગેંગનો હાથ હોવાની શક્યતા : બન્ને મકાનોમાં મુખ્ય દરવાજાનું તાળુ તોડી તિજોરી સાફ કરી ગયા

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર શહેરના સેક્ટર-૨૨ અને સેક્ટર-૨૩ના બે બંધ મકાનોને તસ્કરોએ નિશાન બનાવીને મુખ્ય દરવાજાનુંતાળુ તોડી તિજોરીમાંથી સોના-ચાંદીના દાગીના તથા રોકડ ઉઠાવી તિજોરી સાફ કરી ગયાના કિસ્સાઓ બન્યા છે. બન્ને ઘરફોડ ચોરીની મોડ્સ ઓપરેન્ડી એક સરખી જ હોવાથી એક જ ગેંગનો બન્ને ઘરફોડમાં હાથ હોવાનું લાગી રહ્યુંછે. સે. ૨૨ના બંધ મકાનમાંથી રૂ. ૧.૮૧ લાખ અને સે. ૨૩ના બંધ મકાનમાંથી રૂ. ૧ લાખના દાગીના તથા રોકડ મળીને રૂ. ૨.૮૧ લાખની ઘરફોડ થયાની ફરીયાદો સે. ૨૧ પોલીસે દાખલ કરી ઘરફોડીયા શોધી કાઢવા ચક્રો ગતિમાન કર્યા છે.

ઉનાળો શરૂ થયો છે ત્યારે ગરમીમાં બપોરના અરસામાં રસ્તાઓ અને શેરીઓતથા સોસાયટીઓસુમસામ થઈ જતી હોય છે અને રાત્રે પરિવાર ઠંડક મેળવવા ધાબે સુઈ જતા હોય છે. તે ઉપરાંત વેકેશન ચાલતુ હોવાથી મોટા ભાગના મકાન માલીકો પરીવાર સાથે વેકેશન ગાળવા મકાનને લોક કરી બહારગામ જતાં રહેલા હોય છે. આ પરિસ્થિતિનો લાભ તસ્કરો લઈ રહ્યા હોવાથી શહેરીજનોએ પણ કેટલીક તકેદારી રાખવી જરૂરી છે. ગઈકાલે સેક્ટર-૨૨ના પ્લોટ નં. ૩૬૬/૨ માં રહેતા વેપારી અશોકભાઈ ધિરજભાઈ ભટ્ટના બંધ મકાનને તસ્કર ટોળકીએ નિશાન બનાવ્યુંહતું. પરિવાર સાથે તેઓ મકાનનેતાળુમારી બહારગામ ગયા હતા તે દરમ્યાન તસ્કરોએ તેમના બંધ મકાનનો મુખ્ય દરવાજાનું તાળુ તોડી તિજોરીમાંથી રોકડ રૂ. ૮૦,૦૦૦ અને રૂ. ૧.૦૧ લાખના સોના-ચાંદીના દાગીના મળી રૂ. ૧.૮૧ લાખનો હાથફેરો કરી નાંખ્યો હતો. જે અંગે પોલીસ ફરીયાદ નોંધાઈ છે. દરમ્યાન આજે બપોરના સુમારે સે. ૨૩ પંચવટી સોસાયટી પ્લોટ નં. ૬૫૭/૨ માં રહેતા હર્ષદભાઈ ઊર્ફે અતુલભાઈ જયંતિભાઈ પટેલને પડોશી દ્વારા જાણવા મળ્યું હતું કે તેમના બંધ મકાનનું તાળુ તુટેલું છે. બે દિવસથી પોતાના ગામ સરઢવ ખાતે ગયેલા હર્ષદભાઈ તાત્કાલિક તેમના સે. ૨૩ ના મકાને આવી ગયા હતા. ઘરે આવીને તપાસ કરી તો તેમની તિજોરીમાંથી પણ તસ્કરો રૂ. ૫૦ હજાર રોકડા અને રૂ. ૨૦ હજારની કિંમતના હાથીદાંત તથા રૂ. ૩૦ હજારના સોના-ચાંદીના દાગીના મળી રૂ. ૧ લાખની મત્તા સાફ કરી ગયા હતા. બન્ને ઘરફોડ ચોરીમાં મોડ્સ ઓપરેન્ડી મુખ્ય દરવાજાનું તાળુ તોડીને તિજોરીમાંથી દાગીના-રોકડ ઉઠાવી જવાની એક સરખી હોવાથી બન્ને ઘરફોડમાં એક જ ગેંગનો હાથ હોવાની શક્યતા વર્તાઈ રહી છે.

આલમપુરના બરતરફ મહિલા સરપંચ સ્મિતાબેન પટેલે પેટા ચૂંટણીમાં વિજયનો ડંકો વગાડયો

સભ્યોના આક્ષેપો સાથે અવિશ્વાસની દરખાસ્તનો પર્દાફાશ : મહિલા સરપંચમાં મતદારોએ ફરી દૃઢવિશ્વાસ વ્યક્ત કર્યો

ચિલોડા, તા.૩

ગાંધીનગર તાલુકાના આલમપુર ગામના મહિલા સરપંચ સામે સભ્યોએ ફરી અવિશ્વાસની દરખાસ્ત રજુ કરતાં સરપંચને હોદા પરથી બરતરફ કરવામાં આવ્યા હતા. ત્યાર બાદ ૨૮મી એપ્રિલ પેટા ચૂંટણી યોજાતાં સભ્યોએ નાપસંદ કરેલ મહિલા સરપંચના વહીવટમાં પુનઃ મતદારોએ વિશ્વાસ મુકી તેમને જવલંત વિજયની હારમાળા પધરાવી હતી. આલમપુર ગ્રામ પંચાયતના સરપંચની ચૂંટણીમા ચતુષ્કોણીય જંગ ખેલાતા રસાકસીભર્યો જંગ અતિ રસપ્રદ બન્યો હતો. જેમાં ચાર મહિલા ઉમેદવારોએ ઝંપલાવ્યું હતું. ત્યારબાદ ૩૦મી એપ્રિલે પરીણામ જાહેર થતાં સરપંચ તરીકે પુનઃ પેટા ચૂંટણીમાં મતદારોએ વિશ્વાસ મૂકી તેમને વિજયી બનાવી સભ્યોના તમામ આક્ષેપોનો છેદ ઉડાવી દીધો હતો. આ ઉપરાંત મતદારોએ લોકશાહી પ્રક્રિયા પ્રત્યે ઊંડો વિશ્વાસ અને પ્રામાણિકતાના દર્શન કરાવ્યા હતા. આ ચૂંટણીમાં વિજેતા ઉમેવાર દ્વારા નિષ્પક્ષ રીતે તથા કોઈ પણ પ્રકારની ચૂંટણી લક્ષી બદીને તિલાંજલી અપાવવા અપેક્ષિત વિજય હાંસલ કરતા લોકોમાં અનોખું કુતુહુલ પેદા કર્યું છે. સ્મિતાબેન પટેલને સરપંચ પદે ચૂંટવા બદલ તેમણે સર્વે મતદારોનો આભાર વ્યકત કર્યો હતો. જયારે છાલા ગ્રામ પંચાયતની સરપંચની પેટા ચૂંટણીમાં શિવાભાઈ ગમાભાઈ ચૌધરીનો વિજય થયો છે.

દહેગામમાં બિન આરોગ્યપ્રદ બરફનું ધૂમ વેચાણ

દહેગામ, તા.૩

દહેગામ નગરમાં ઉનાળાની સિઝન શરૂ થતાં જ લોકો ગરમીથી બચવા માટે અને પ્રકારના નુસખા અપનાવતા હોય છે. જેમાં શેરડીનો રસ, કેરીનો રસ, શરબત, આઈસ ગોલા વિગેરેચીજ વસ્તુઓખાઈ-પીનેશરીરમાં ઠંડક મેળવવા માટે પ્રયત્નો કરતાં હોય છે. પરંતુ બજારમાં મળતો બરફ, ઠંડા પીણા, શરબત, જયુસ વિગેરેની આરોગ્ય તંત્ર દ્વારા કોઈ તપાસ કરવામાં આવતી નથી આવા સંજોગોમાં નગરમાં ચાલતી અમર આઈસ ફેકટરીમાં બરફનું ધુમ વેચાણ થાય છે. અગાઉ આ બરફ અખાદ્ય હોવાનું પુરવાર થઈ ગયું છે. તેમ છતાં તંત્ર દ્વારા આ ફેકટરી સામે કોઈ આકરાં પગલાં નહિ ભરતાં જાગૃત નાગરિકો તરહ તરહની વાતો કરે છે.

દહેગામ નગરમાં ચાલતા નાસ્તા હાઉસો અને ખાણી પીણીની લારીઓ ઉપર ખુલ્લેઆમ અખાદ્ય ખોરાકનું ધુમ વેચાણ થાય છે આ ખાદ્ય પદાર્થોની સ્થાનિક તંત્ર દ્વારા કોઈ પ્રકારની ચકાસણી કરવામાં આવતી નથી. આમ ના છૂટકે નગરજનોને પણ આ બિનઆરોગ્યપ્રદ અખાદ્ય ખોરાક આરોગવો પડે છે અને બરફ અને ઠંડા પીણાની કોઈ ગુણવત્તા ચકાસવામાં આવતી નથી. જેના પગલે આગામી દિવસોમાં રોગચાળો ફેલાવાની દહેશત પણ સેવાઈ રહી છે. દહેગામ નગરપાલિકાના સેનેટરી ઈન્સ્પેકટર અને અર્બન હેલ્થ ઓફિસ વાળા જો આવા અખાદ્ય ખોરાક તેમજ બરફનું વેચાણ કરનાર સામે કોઈ પગલા નહિ ભરે તો તાલુકાની જનતાના આરોગ્ય સામે પ્રશ્નાર્થ ઉભો થાય તેમ છે.

દહેગામ તાલુકાના ખેડૂતમિત્રો જોગ

સરકારના મહેસુલ વિભાગના જાહેરનામા ક્રમાંક જી.એચ.એન./૧/જી.એ.ના.ટી./૨૭૯૮/એમ.એલ.એ./૧૦/ઝ તા. ૨/૧/૨૦૧૨થી મુંબઈ ગણોત વહીવટ અને ખેતીની જમીન અધિનિયમન ૧૯૮૪ની કલમ ૩૨ એમની પેટા કલમ-૫-બીમાં કરેલ સુધારા અન્વયે ખરીદ કિંમત ભરવાની મુદત તા. ૩૧-૮-૨૦૧૩ સુધી લંબાવવામાં આવે છે. ખરીદ કિંમત ભરપાઈ કરવાની બાકી હોય તેવા તમામ કેસમાં કાયદાની જોગવાઈઓને ધ્યાને લઈ ખરીદ કિંમત સ્વીકારવા અને તેના સંદર્ભમાં ઘટતી કાર્યવાહી ઝુંબેશ સ્વરૂપે હાથ ધરી સમય મર્યાદામાં કામગીરી પૂર્ણ કરવાની હોઈ નિયત સમય મર્યાદામાં ખરીદ કિંમત ભરવાનું ચૂકી ગયા હોય તેવા ગણોતિયાઓ માટે તા. ૩૧-૮-૨૦૧૩ સુધી વ્યાજ સહિતની ખરીદ કિંમત ભરપાઈ કરવાની મુદત લંબાવવામાં આવેલ છે.

પેથાપુર પાસે ડમ્પર અને કાર વચ્ચે અકસ્માત થયો હતો તે પ્રસંગની તસવીર.

નિસર્ગ સાયન્સ સેન્ટર ગરીબ વિદ્યાર્થીઓને રાહત દરે ચોપડા વિતરણ કરશે

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગરના નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર દ્વારા દર વર્ષની જેમ આ વર્ષએ પણ જરૂરીયાતમંદ ગરીબ અને મધ્યમ વર્ગના વિદ્યાર્થીઓને રાહત દરે ચોપડા વિતરણ કરવામાં આવશે. નિસર્ગ સેન્ટર દ્વારા ગત વર્ષે ૧૫૦૦ ડઝન ચોપડાનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ વર્ષે પણ ૧૦૦ રૂ. ડઝનના ભાવે ૧૫૬ પેજના ચોપડા જરૂરીયાતમંદ વિદ્યાર્થીઓને આપવામાં આવશે. જે વિદ્યાર્થીઓ વાલીઓ આ ચોપડા લેવા આવે તેઓએ બેગ-થેલી લઈને આવવું. ચોપડાઓ નિસર્ગ સાયન્સ સેન્ટર ૬૧/૧, ઘ-ટાઈપ, સેક્ટર-૨૩ ખાતે સવારે ૯ થી ૧૨ દરમિયાન મેળવી લેવા.

હાર્ટ એટેકથી લેંકાવાડા સી.આર.પી.ના સુરક્ષા કર્મીનું મોત

ચિલોડા, તા. ૩

ગાંધીનગર તાલુકાના ચિલોડાથી ગાંધીનગર જવાના માર્ગ પર બી.એસ.એફ. સી.આર.પી., એસ.આર.પી. જવાનો માટેના હેડ ક્વાર્ટર્સ આવેલા છે. જેમાં આજે સી.આર.પી. હેડ ક્વાર્ટર ખાતે એક સુરક્ષા કર્મીનું હૃદય હુમલાથી મોત નીપજ્યું હોવાનું જાણવા મળેલ છે. જેમાં સુરક્ષા કર્મી શ્રી સતીશકુમાર રામાભાઈ ભોઈ (ઉં.વ.૪૦) હાર્ટ એટેકથી મોત નીપજતાં ચિલોડા પોલીસ સ્ટેશન ખાતે ઉચ્ચ અધિકારીએ સવારે ૧૦.૩૦ વાગે સતીશકુમાર ભોઈનું અવસાન થયું હોવાનું જણાવ્યું હતું.

ગુજરાત સરકારની નવતર પહેલ

બાંધકામ શ્રમયોગીઓ માટેના મોબાઈલ કૌશલ્યવર્ધન તાલીમ કેન્દ્રનું ઉદ્‌ઘાટન કરાયું

ગાંધીનગર, તા. ૩

શ્રમ અને રોજગાર વિભાગ, રોજગાર-તાલીમ ખાતું અને બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડના સંયુકત ઉપક્રમે આજરોજ ગાંધીનગર નજીકના ગિફ્ટ સિટી ખાતે શ્રમ-રોજગાર અને ઉર્જા મંત્રી શ્રી સૌરભભાઈ પટેલના હસ્તે બાંધકામ શ્રમયોગીઓ માટેના ઓન સાઈટ-મોબાઈલ કૌશલ્યવર્ધન તાલીમ વર્ગનો ઉદઘાટન સમારોહ યોજવામાં આવ્યો હતો.

ગુજરાત સરકારની નવતર પહેલ રુપ આ તાલીમ વર્ગનું ઉદઘાટન કરતા શ્રમ-રોજગાર મંત્રી શ્રી સોરભભાઈ પટેલે જણાવ્યું હતું કે, આજે સમગ્ર રાષ્ટ્રમાં ગુજરાતનું વિકાસ મોડેલ જાણીતું બન્યું છે. ત્યારે રાજયના તમામ ક્ષેત્રોના વિકાસ માટે રાજય સરકાર સંકલ્પબધ્ધ બની નવતર અભિગમ અમલમાં મુકી રહી છે. શિક્ષણ અને તાલીમ સતત ચાલતી -ક્રિયા છે.નવી ટેકનોલાજી -માણે અભ્યાસ-તાલીમમાં પરિવર્તન જરૂરી બને છે.ઉર્ધોગોના વિકાસ સાથે શ્રમયોગીઓને આધુનિક રીતે તાલીમથી સજ્જ બનાવવાની દિશામાં ગુજરાતે પહેલ કરીને બાંધકામ શ્રમીકો માટે ઓનસાઈટ-મોબાઈલ કૌશલ્યવર્ધન તાલીમ કેન્દ્રની શુભ શરૂઆત કરી છે.આ તાલીમ કોર્સ દ્વારા બાંધકામ શ્રમિકોને સાઈટ પર જ વિવિધ તાલીમ કોર્સ થકી વધુ સારી કુશળતા મેળવવાની સુવિધા મળી રહેશે- આજના સમયમાં આ અનિવાર્ય અને .ઉપયોગી તાલીમ સાબિત થશે. રાજય સરકારે શ્રમિકોના કલ્યાણને લક્ષમાં રાખીને અને કવિધ યોજનાઓ અમલમાં મુકી છે.

આ -સંગે શ્રમ અને રોજગાર વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી પી. પનીરવેલે કૌશલ્યવર્ધન તાલીમ વર્ગની ભૂમિકા રજુ કરી જણાવ્યું હતું કે,રાજયમાં ૨૦ લાખ ઉપરાંત શ્રમિકો વિવિધ શ્રમ-વ્યવસાય સાથે જોડાયેલાં છે,તેમના કલ્યાણની ચિંતા કરીને રાજય સરકાર સતત -યત્નશીલ રહી છે.

આ કાર્યક્રમમાં ગાંધીનગર(દક્ષિણ) ના ધારાસભ્ય શ્રી શંભુજી ઠાકોર, ગુડાના ચેરમેન શ્રી અશોકભાઈ ભાવસાર, રોજગાર- તાલીમ વિભાગના કમિશનર શ્રીમતી સોનલ મિશ્રા, બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડના સચિવશ્રી શ્રી એ.બી.પરમાર વગેરેએ -નસંગીક વકતવ્ય આપ્યા હતાં. આ -સંગે શ્રમ-રોજગાર અને રોજગાર-તાલીમ ખાતાના અધિકારીશ્રીઓ, શ્રમયોગી કલ્યાણ બોર્ડના સભ્યો, મહાનુભાવો, તાલીમાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આભારવિધિ -તદેશીક કચેરીના નાયબ નિયામક શ્રી જી.એન પારેખે કરી હતી.

આ તાલીમ વર્ગ અંતર્ગત હાઉસ વાયરિંગ, બેઝિક વુડ વર્ક, પ્લમ્બર, વોલ પેઈન્ટર અને ઓટો ટુ વ્હીલર રિપેરીંગ- પાંચ અભ્યાસક્રમમાં ૧૦૦ તાલીમાર્થીઓ લાભ લઈ રહયા છે.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૬.૧૩

સૂર્યાસ્ત : ૬.૫૮

તાપમાન

મહત્તમ : ૪૨.૫ ડિ.સે.

લઘુત્તમ : ૨૬.૦ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૫૩ ટકા ● સાંજે ૨૨ ટકા

મનોરંજન

સિને મેક્સ

: સ્ક્રીન-૧ :

આઈરોન મેન (ડી)(હિન્દી) : ૯.૪૫, ૨.૪૫, ૭.૪૫, ૧૦.૨૫

છોટા ભીમ : ૧૨.૩૦, ૫.૩૦

: સ્ક્રીન-૨ :

આશકી-૨ : ૯.૩૦, ૨.૪૫, ૮.૦૦

બોમ્બે ટોકીસ : ૧૨.૧૫, ૫.૩૦, ૧૦.૩૫

: સ્ક્રીન-૩ :

શૂટઆઉટ એટ વડાલા : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૪ :

શૂટઆઉટ એટ વડાલા : ૯.૦૦, ૩.૦૦, ૬.૦૦, ૯.૦૦,

આશીકી-૨ : ૧૨.૦૦

સૂર્યા, વાવોલ

શૂટઆઉટ એટ વડાલા : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫

પ્રીત જૂકે નહીં સાથ છૂટે નહીં : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :

આશીકી-૨: ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૨ :

આઈરોન મેન-૩ : ૧૦.૩૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૯.૩૦

: સ્ક્રીન-૩ :

એક થી ડાયન : ૧૦.૧૫, ૧.૦૦, ૩.૩૦, ૬.૦૦, ૯.૦૦

વિરાગ, કલોલ

ગોરી મેં તો દિલથી બાંધી છે પ્રીત : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

આપની આજ

મેષ : વાહન ચલાવતી વખતે સાવચેત રહેવું. નોકરીમાં જવાબદારીને અનુરૂપ કાર્ય કરવું. ભૂમિ- સંપત્તિના વ્યવસાય સાથે સંકળાયેલ વ્યક્તિઓને લાભ થવાની સંભાવનાઓ છે. કૌટુંબિક જીવનમાં સુખ- સમૃદ્ધિ રહેશે. વ્યાપારમાં વિસ્તાર હેતુ પ્રયત્ન વધુ કરવો પડશે.

વૃષભ : કાર્યયોજના પર અમલ કરવું જરૂરી છે. અથાગ પ્રયત્નોનો ઓછા લાભ મળી શકે છે. નકામો તનાવ, મુશ્કેલીઓ રહેવાની સંભાવના છે. નવા કાર્યો, વિચાર, યોજનાઓ થઈ શકે છે. આર્થિક વિવાદોથી નુકસાન થવાની સંભાવના રહેલી છે.

મિથુન : આર્થિક સંપન્નતા વધશે. મિત્રોનો પૂર્ણ સહયોગ મળશે. સાહિત્યક રુચિ વધશે. દૃઢ નિશ્ચયની પ્રવૃત્તિને કારણે કાર્યમાં વિજય પ્રાપ્ત થશે. ઋણથી મુક્ત થઈ શકશો. મિત્રો અને કુટુંબિજનનો સહયોગ કાર્યમાં મળી રહેશે. આર્થિક લાભની તક મળી શકશે. તમારા કાર્યોની પ્રશંસા થશે.

કર્ક : આર્થિક ઉન્નતિ થશે. નોકરીમાં સ્થાનાંતરણ થવાની સંભાવના છે. તમારી મિલનસારીતા અને ધૈર્ય તમને સમાજ અને પરિવારમાં આદરમાન અપાવશે. સામાજિક માન- સન્માનમાં વધારો થઈ શકશે. વ્યવસાયિક લાભ અને સુખ-સમૃદ્ધિમાં વધારો થવાની સંભાવના છે.

સિંહ : યોગ્ય દિશામાં પ્રયત્ન કરવાથી અટકેલા નાણાં પાછા મળશે. અધિકારી તમારા કાર્યથી પ્રસન્ન થશે. મહત્વપૂર્ણ કાર્ય પર ખર્ચ થશે. લાભ મળવાના પ્રબળ યોગ બની રહ્યા છે. કુટુંબમાં માંગલિક કાર્યોનું આયોજન થઈ શકશે. શત્રુ, વિવાદ વગેરેમાં ખર્ચ થઈ શકે છે.

કન્યા : કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક પરિવર્તન થશે. આજે આપને પ્રગતિવર્ધક સમાચાર પ્રાપ્ત થઈ શકે છે. સંતાનની ઉન્નતિ પ્રસન્નતા આપશે. પૂર્વમાં કરવામાં આવેલ કાર્યોનું ફળ પ્રાપ્ત થઈ શકશે. સંબંધોમાં સુધારો થશે.

તુલા : નવા સંબંધ બનશે. માનસિક શાંતિ જાળવી રાખવી. ઘરમાં મહેમાન આવશે. અધૂરા કાર્ય પૂર્ણ થવાથી ઉત્સાહ અને પ્રસન્નતામાં વધારો થશે. મિત્રોના સહયોગથી અનુકૂળતા વધશે. અને દિવસ પ્રસન્નતાથી પસાર થઈ શકશે.

વૃશ્ચિક : ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. નવા સંબંધો સ્થપાશે. સત્સંગમાં ભાગ લેવાનું થઈ શકે છે. માનસિક શાંતિ જાળવી રાખવી. ઘરમાં મહેમાન આવવાની સંભાવના છે. વ્યાપાર-વ્યવસાય મધ્યમ રહેશે.

ધન : બીજા પર વધુ વિશ્વાસ ન કરવો. વ્યાપાર- વ્યવસાય સારો અને લાભદાયી રહેશે. માતા-પિતાનું આરોગ્ય ઠીક રહેશે. યાત્રા- પ્રવાસનું આયોજન થઈ શકશે. ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. દામ્પત્ય સુખમાં કમી આવી શકે છે.

મકર : આવક-ખર્ચમાં સંતોલન રહેશે. કાર્યક્ષમતામાં વૃદ્ધિ થશે. માનસિક અસ્થિરતા દૂર કરો. સામાજિક અને રાજકીય ક્ષેત્રોથી લાભ પ્રાપ્ત થઈ શકશે. ગૂઢ કાર્યોમાં સફળતા પ્રાપ્તનો યોગ બની રહ્યો છે. સામાજિક ક્ષેત્રોમાં ધાર્મિક કાર્યોનું આયોજન થઈ શકે છે.

કુંભ : પદ-પ્રતિષ્ઠા સંબંધી કાર્યોમાં લોકપ્રિયતામાં વૃદ્ધિ થશે. ધાર્મિકક્ષેત્રમાં ભાગ્યવર્ધક યાત્રા પ્રવાસ થશે. વિશેષ ઉન્નતિકારક યોગને કારણે મન પ્રસન્ન રહેશે. જીવનમાં વિવિધતાપૂર્ણ વાતાવરણ નિર્મિત થઈ શકશે. ગુસ્સા પર કાબુ રાખવો.

મીન : આર્થિક પ્રકરણોમાં વિશેષ અનુસંધાન થશે. મહત્વકાંક્ષા અનુસાર કાર્ય પૂરા થઈ શકશે. કુટુંબમાં સારુ વાતાવરણ આપના મનને પ્રસન્નતા અને પ્રગતિમાં સહાયક બની રહેશે. વિરોધીઓ પરેશાન કરી શકે છે. સાવચેતી રાખવી.